# શહેરનો રીઢો વાહનચોર પકડાયો

## ૩૭ વાહનચોરીના ગુનામાં ગત મહિને પકડાયેલો અંબાલાલ જામીન પર છુટીને ફરી વાહનચોરી કરવા લાગ્યો



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર એલસીબીની ટીમે ગત મહિને અંબાલાલ નામના રીઢા વાહનચોરને પકડી પાડયો હતો. તેણે ૩૭ વાહનચોરીના ગુના આચર્યા હોવાની કબુલાત કરી હતી. રૂ. ૩.૩૯ લાખનો મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો હતો. જેલ ભેગો થયેલો અંબાલાલ કોર્ટમાંથી જામીન મેળવી મુકત થયો હતો અને ફરી વાહનચોરીનો જુનો ધંધો શરૂ કરી દીધો હોવાની બાતમી એલસીબીની ટીમને મળી હતી.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી પી.આઈ. આશુતોષ પરમારની ટીમના પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા અન્ય માણસોએ ચોકકસ બાતમીને આધારે એક પેશન બાઈક સાથે રીઢા વાહનચોર અંબાલાલ ઉર્ફે બાબુ કેશા રાવળને પકડી પાડયો હતો તેની ઉંડાણપૂર્વક પુછપરછ કરવામાં આવતા જીજે ૧૮ એ.ડી. ૩૭૪૫ નંબરનું પેશન બાઈક તેણે પથિકાશ્રમ સામે એક ડોકટરની હોસ્પિટલ પાસેથી ચોરી કર્યું હોવાની કબુલાત કરી હતી તેની ધરપકડ કરી વધુ કાર્યવાહી માટે સે-૭ પોલીસને આરોપી સોંપવામાં આવ્યો છે.

### @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૧ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૩૧ કલાકનો રહેશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે 'નો એકઝીટ' નાટક, સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

### વાતવાતમાં

● શહેરમાં આખો દિવસ વાતાવરણ કાળા ડિંબાંગ વાદળોથી ઘેરાયેલું રહ્યું હતું અને સાંજ પડતા સુધીમાં શહેરમાં અનેક ઠેકાણે વરસાદી ઝરમરીયા વરસતાં ઠંડક થવા પામી હતી. જો કે હજી ચોમાસુ વિધિસર બેઠું હોય તેવો વરસાદ થતો નથી અને આ પ્રકારના ઝરમરિયાથી સરવાળે ઉકળાટ તથા બફારો વધવા પામે છે.

● વરસાદી માહોલ છવાતા શહેરમાં કેસર કેરીની પેટીના ભાવો જે ઘણા દિવસથી યથાવત જળવાઈ રહ્યા હતા તેમાં તુરંત જ ઘટાડો નોંધાવા પામ્યો છે. હજુ જો એકાદ મોટું ઝાપટું પડી જાય તો કેરી વધુ સસ્તી થઈ જાય તેની ફિરાકમાં ઘણા કેરી રસિયા રાહ તાકીને બેઠા છે.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં એક નાના બાળકને તાત્કાલિક સારવાર અર્થે લવાયું હતું જે ભૂલમાં તેના ઘરે પાણીના બદલે કેરોસીન પી જવા પામ્યું હતું. જો કે સમયસરની યોગ્ય સારવાર મળતા આ બાળકની તબિયત ખૂબ જ ઝડપથી સુધારા પર આવી ગઈ છે.

● સે-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સાઈ સંકુલ ખાતે ગુરુવારે સાંજે 'હેન્ડબોલ ડે' ઉજવાશે. આ કાર્યક્રમમાં હેન્ડબોલ રમતના દિગ્ગજો ઉપસ્થિત રહી કેક કાપશે તથા હેન્ડબોલની મેચ પણ યોજાશે.

# બેંકિંગ ક્ષેત્રે ઉજજવળ કારકિર્દી માટે બીબીએ કોલેજમાં વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે બેંકિંગ સેકટરમાં ઉજ્જવળ કારકિર્દી માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીઓને બેંકિંગ ક્ષેત્રના તમામ પાસાઓનું તલસ્પર્શી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ઝોનલ મેનેજર કમલેશભાઈ સેવક વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે આવ્યા હતા જેઓશ્રી બેંકના કર્મચારીઓને પણ બેંકિંગ લો અને પ્રેકટીસ વિષય પર ઝોનલ અને રિજિયોનલ શાખામાં તાલીમ આપવા અવાર નવાર વર્કશોપનું આયોજન કરે છે. આજના વર્કશોપના અન્ય વકતા બીમલભાઈ ગઢવાલ કે જે બેંક ઓફ ઈન્ડિયાના આસીસ્ટંટ જનરલ મેનેજર છે તેઓએ વિદ્યાર્થીઓને બેંકીંગ ક્ષેત્રના વિવિધ પાસાઓની પ્રાયોગિક તાલીમ લેવા માટે



જણાવ્યું હતું. જેથી તેઓ જયારે બેંકિંગ ક્ષેત્રમાં સેવારત થાય ત્યારે તેઓને આ તાલીમ ઉપયોગી નીવડે તેમણે વધુમાં જણાવ્યું કે આ બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ સમર ઈન્ટેન્શીપ થકી બેંકિંગ સેવાઓની તાલીમ મેળવે છે. તે કાબિલે તારીફ છે. આ તાલીમ વિદ્યાર્થીઓના સફળ બેન્કર બનવાના તેમના ધ્યેયને સિદ્ધ કરવામાં ઉપયોગી સાબિત થશે તેમ તેમણે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.

સમગ્ર વર્કશોપનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. અમિતા પ્રજાપતિ અને સમગ્ર ટીમ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

# સાઈ ખાતે ભારતીય બીચ કબડ્ડી ટીમનો કોચિંગ કેમ્પ સંપન્ન

## પુરુષ અને મહિલા ટીમોએ ૨૧ દિવસના નેશનલ કોચિંગ કેમ્પમાં ભાગ લીધો : વિયેટનામ ખાતે બીચ એશિયમ ગેમ્સમાં રમવા જશે : પ્રો કબડ્ડીના સ્ટાર ખેલાડીઓ પણ સામેલ હતા



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સે-૧૫ ખાતે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સાંઈ સંકુલ ખાતે તાજેતરમાં ભારતીય બીચ કબડ્ડી ટીમોનો નેશનલ કોચીંગ કેમ્પ સંપન્ન થવા પામ્યો છે. પુરુષ અને મહિલા વિભાગની બંને ભારતીય ટીમો આગામી સમયમાં વિયેટનામ ખાતે યોજાનાર બીચ એશિયન ગેમ્પસમાં બીચ કબડ્ડીમાં ભાગ લેશે. ભારતીય ટીમમાં ઘણા પ્રો કબડ્ડીના સ્ટાર ખેલાડીઓ પણ સામેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત બીચ એશિયન ગેમ્સમાં બીચ કબડ્ડીની રમતમાં ભારતીય પુરુષ ટીમે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો જયારે મહિલા ટીમે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ વર્ષે વિયેટનામ ખાતે રમાનાર બીચ એશિયન ગેમ્સમાં મહિલા ટીમ પોતાનું સ્થાન જાળવી રાખવા કટિબધ્ધ છે જયારે પુરુષ ટીમ ગોલ્ડ મેડલ જીતવા આતુર છે. બીચ એશિયન ગેમ્સની તૈયારીના ભાગરૂપે ગાંધીનગરના સાંઈ કોમ્પ્લેક્ષ ખાતે ૨૧ દિવસીય નેશનલ કોચીંગ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ભાગ લેનાર ભારતીય ટીમમાં પ્રો-કબડ્ડીના કેટલાક સ્ટાર ખેલાડીઓ જેવા કે છેલ્લે પૂણેરી પલ્ટનમાં રમેલ અને હવે યુ મુમ્બા ટીમ દ્વારા ખરીદાયેલ સુરજિત, દિલ્હી દબંગના અનિલકુમાર, બેંગલુરુ બુલ્સના સોમવીર વગેરેએ કોચિંગ મેળવ્યું હતું. પુરુષ ટીમના કુલ ૧૮ ખેલાડીઓ તથા મહિલા ટીમના ૧૯ ખેલાડીઓને કોચ જયવીર શર્મા તથા શ્રીધરએ સઘન તાલીમ આપી હતી. આ તાલીમ દરમિયાન સાઈના વેસ્ટર્ન ઝોનના રિજીયોનલ ડાયરેકટર રૂપકુમાર નાયડુ પણ ઉપસ્થિત રહ્યા હતા.

'આંતરરાષ્ટ્રીય કોચિંગ કેમ્પમાં અમે સંપૂર્ણપણે ખેલાડીઓની ફિટનેસ, ટેકનિક તથા ઈન્ટર્નલ કોમ્યુનિકેશન પર ખાસ ધ્યાન આપ્યું છે.



આ સાથે ખેલાડીઓના મનોબળને વધારવા જરૂરી પગલા લીધા છે. અહીં સાંઈ ખાતે અમને ખૂબ જ સારી કક્ષાની સવલતો તથા યોગ્ય વાતાવરણ મળતા અમારો કોચિંગ કેમ્પ ઘણો સફળ રહ્યો છે અને ખેલાડીઓના આત્મવિશ્વાસમાં પણ ઘણો વધારો થવા પામ્યો છે. આગામી બીચ એશિયન ગેમ્સમાં પુરુષ ટીમ ગોલ્ડ મેડલ જીતવા કટિબધ્ધ છે જયારે મહિલા ટીમ તેનો ગોલ્ડ મેડલ જાળવી રાખશે.'

**- જયવીર શર્મા-કોચ**
**ભારતીય બીચ કબડ્ડી ટીમ**

# કેનાલમાં ફેંકી દેવાયેલી બાળકીનો મૃતદેહ મળ્યો

## ઘટના બનવા પાછળના કારણ અંગે વિસ્તૃત તપાસ કરાશે : મૃતક યુવાન સામે હત્યાનો ગુનો પણ નોંધાયો

ગાંધીનગર, તા.૨૨

રાંધેજા ગામમાં રહેતા યુવાન શખ્સે પડોશમાં રહેતી બાળકીનું શાળાએથી અપહરણ કરીને તેણીને જાસપુર કેનાલમાં ફેંકી દઈ પોતે પણ આપઘાત કરી લીધાની ચકચારી ઘટના બનવા પામી હતી. આ યુવાન શખ્સનો મૃતદેહ ગઈ કાલે જ મળી ગયો હતો જયારે આજે બપોરે બાળકીનો પણ મૃતદેહ કેનાલમાંથી મળ્યો હતો. બાળકીનો મૃતદેહ પીએમ માટે મોકલી પેનલ ડોકટર વડે પીએમ કરાવી મૃતક યુવાન સામે હત્યાનો ગુનો પથાપુર પોલીસે નોંધ્યો છે.

મૃતક બાળકીને કેનાલમાં ફેંકી તે પહેલા દુષ્કર્મ કરવામાં આવ્યું હતુ કે કેમ? તે અંગે તપાસ કરવા પેનલ ડોકટર વડે પી.એમ. કરાવવામાં આવ્યું હતું. જો કે દુષ્કર્મ આચરવામાં આવ્યું ન હોવાનું પી.એમ. દરમિયાન જાણવા મળ્યું છે.તો બીજી તરફ જયારે યુવાન શખ્સે આ બાળકીનું સ્કુલમાંથી અપહરણ કર્યું તે સમયે તેણીની બહેન પણ ત્યાં જ હતી અને તેણીને પણ ઉપાડી જવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો પરંતુ તે ગઈ ન હતી. પોલીસ આ બાળકીનું પણ સ્ટેટમેન્ટ નોંધશે અને ઘટના બનવા પાછળના કારણો અંગે પણ વિસ્તૃત તપાસ કરશે. પેથાપુર પોલીસે ગુનો નોંધીને પીએસઆઈ ડી.બી. વાળાએ ઘટનાની ઝીણવટભરી તપાસ આરંભી છે.

# બ્રહ્મ સમાજની મહિલા પાંખનું એચઆઈવી પોઝીટીવ બાળકોને ચોપડા વિતરણ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સે-૧૨ ખાતે એચઆઈવી એઈડસ પોઝીટીવ દર્દીઓના લાભાર્થે કાર્યરત જીએસએનપી પ્લસ સંસ્થાના વિહાન પ્રોજેકટ ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા એચઆઈવી એઈડસ ગ્રસ્ત ૪૦ બાળકોને




ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના કાર્યકારી પ્રમુખ ભારતીબેન જોષી, ઉપપ્રમુખ તથા કોર્પોરેટર પ્રવિણાબેન વોરા, મુખ્ય દાતા ભાવનાબેન પાઠક તથા વિમળાબેન અય્યાચી સહિત બ્રહ્મ સમાજ મહિલા પાંખની બહેનો ઉપસ્થિત રહી હતી.

આજે વિહાન પ્રોજેકટ ખાતે ગાંધીનગરના સમસ્ત બ્રહ્મ સમાજની મહિલા પાંખની બહેનોએ આ બાળકો માટે ચોપડાનું વિતરણ કર્યું હતું. એચઆઈવી પોઝીટીવ બાળકોને પણ અન્ય સામાન્ય બાળકોની જેમ શિક્ષણનો અધિકાર છે અને જિલ્લાના ગરીબ વર્ગના આવા બાળકો પણ યોગ્ય શિક્ષણ મેળવી શકે તે હેતુથી આ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ નાગરિકોને ટીબી તથા એચઆઈવીની બિમારીની પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રાંગણમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે સમુહ યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમાં યુનિવર્સિટીના સ્ટાફ મિત્રો તથા સેકટર-૧૯, ૨૦ અને ૨૧નાં નાગરિકો જોડાયા હતા. યુનિવર્સિટીના મહાનિયામક દિવ્યાંશુભાઈ દવેએ પ્રાસંગિક પ્રબોધનમાં જણાવ્યું હતું કે મનુષ્ય તરીકે યોગ્ય બનાવે તે યોગ. મીનાક્ષીબેન સોમાની તથા પરેશભાઈ જોશીએ યોગ પ્રશિક્ષક તરીકે દાયિત્વ સંભાળ્યું હતું. કુલ ૫૫ વ્યકિતઓએ યોગાભ્યાસનો લાભ લીધો હતો. અહીં સાપ્તાહિક યોગ કાર્યક્રમમાં પણ અનેક નગરજનો યોગાભ્યાસનો લાભ લઈ રહ્યા છે.



## જેસીઆઈએ યોગ દિવસની ઉજવણી કરી

જે.સી.આઈ. ગાંધીનગરે મોટી આદરજ ગામ દત્તક લીધેલ છે. પરિણામે જે.સી.આઈ. ગાંધીનગર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને શાળા પરીવાર મોટી સંખ્યામાં યોગમાં જોડાયો હતો. જે.સી.આઈ.ના સૌ સભ્યોએ કાર્યક્રમમાં જોડાઈને કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. જે.સી.આઈ.ના પ્રમુખશ્રીએ જીવનમાં યોગનું શું મહત્વ છે તે સમજાવ્યું હતું. અંતમાં જેસીઆઈના મંત્રીશ્રીએ શાળાના આચાર્યશ્રી, જેસીઆઈના સભ્યો તેમજ ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો.

# શહેરમાંથી વધુ ૨૭ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત ત્રણ દિવસમાં ૧૦૦ કિલોથી વધુ પ્લાસ્ટીક બેગ સીઝ

## એક ટીમે સે-૨૪માંથી ૧૪ કિલો પ્લાસ્ટીક અને બીજી ટીમે સે-૧૬, ઘ-૫ અને ઘ-૦ પાસે દુકાનોમાંથી ૧૩ કિલો પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કર્યો : મસાલામાં વપરાતી કોથળીઓ પણ પકડી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનરની કડક સુચનાથી તેમની બે વિવિધ ટીમો ગાંધીનગરને પ્રતિબંધીત પ્લાસ્ટીક ફ્રી બનાવવા મન દઈને કામગીરી કરી રહી છે. આજ પણ શહેરના વિવિધ લારી-ગલ્લા તથા દુકાનોમાં દરોડા પાડીને ૨૭ કિલો પ્લાસ્ટીક બેગ તથા ચાના પ્લાસ્ટીક કપનો જથ્થો જપ્ત કર્યો હતો. તે ઉપરાંત સે-૨૪ લાલશોટ નામની પાન મસાલાની દુકાનમાંથી મસાલા બનાવવા વપરાતી પ્લાસ્ટીકની રેપરનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

મહેશ મોડ તથા તેમની ટીમે સેકટર-૨૪માં દરોડો પાડીને ૧૪ કિલો પ્લાસ્ટીક બેગ, ૭૦૦ ગ્રામ ચાના પ્લાસ્ટીક કપ અને મસાલાના રેપરનો જથ્થો સીઝ કર્યો હતો જયારે એસ.એમ. ચૌધરીની ટીમે સે-૧૬, ઘ-૫ અને ઘ-૦ આસપાસની દુકાનો-ગલ્લાઓમાં દરોડો પાડીને ૧૩ કિલો પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કર્યો છે. ત્રણ દિવસમાં ૧૦૦ કિલોથી વધુ પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવ્યું છે.

# ચોમાસુ ખેતી માટે ખેતરો સજ્જ

## કપાસ, મગફળી, ડાંગર, મકાઈ, બાજરી તથા કઠોળની થશે ખેતી : વરસાદની રાહ જોતો ખેડુત વર્ગ

ગાંધીનગર, તા.૨૨

મેઘરાજાએ દરવાજે દસ્તક દઈ દીધી છે ત્યારે ચોમાસુ ખેતીની પૂર્વ તૈયારીઓ કરી ખેડુતોએ ખેતરોને સજ્જ કરી દીધા છે. ખેડુતવર્ગે ખેતરોને ખેડીને કયારા બનાવી વાવેતર તો કરી દીધું છે હવે વરસાદની જ આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. ચાલુ સાલે સારા ચોમાસાની આગાહીએ ખેડુત વર્ગે મોટા પાયે ખેતીનું આયોજન હાથ ધર્યું છે. જેમાં કપાસ, મગફળી, ડાંગર, મકાઈ, બાજરી તથા કઠોળના પાક લેવાશે જયારે શાકભાજી વાવતા ખેડુતોએ પણ શાકભાજી અંગેના વાવેતરના શ્રી ગણેશ કરી દીધા છે. સારા પાણીની અપેક્ષાએ મબલખ ઉતારાની આશા ખેડુત વર્ગ સેવી રહ્યો છે.

રાજયભરના ખેડુતોએ ચોમાસાના આગમન પૂર્વે પોતાના ખેતરોને સજ્જ કરી દીધા છે. વરસાદ થાય તે પહેલાં ખેતરમાં કરવાની ખેતી લક્ષી કામગીરી પૂર્ણ કરી દીધી છે. હવે વરસાદની કાગડોળે રાહ જોવાઈ રહી છે. મોંઘા બિયારણો, દવાઓ અને પાકની સલામતી જેવા પગલાં લઈ કરેલ વાવેતરની ઉપજ શ્રેઠ થાય તેવી આશાઓ ખેડૂત વર્ગ રાખી રહ્યો છે. ચોમાસુ ખેતીમાં હાલ કપાસ એ સૌથી



વધુ વવાઈ રહ્યો છે અને તે માટે કયારા બનાવી કપાસના બિયારણ રોપી દેવાયા છે તો મગફળી, ડાંગર, મકાઈ, બાજરી વગેરે પાકોના વાવેતર કરી દેવાયા છે. પોતાના ખેતરમાં ચોમાસાના પાણી ભરપૂર રહે તેવો પરિશ્રમ કરી ખેતરમાં પાળો પણ બાંધી દેવાઈ છે.

મોંઘેરા મહેમાન જેવા ગણતા મેઘરાજા મન મુકીને વરસે તેવી ખેડુત વર્ગ પ્રાર્થના કરી રહ્યો છે. સમયસર અને સોળા આના વરસાદ થાય તો સોના જેવી ખેતી થાય તેવું ખેડુત વર્ગ કહી રહ્યો છે ત્યારે હવે ગ્રહો, નક્ષત્રો, સમય અને સંજોગો વરસાદના આગમનના એંધાણ આપી રહ્યા છે. રાજયભરનો મોટા ભાગનો વર્ગ ખેતી ઉપર નભી રહ્યો છે જેમાં બારમાસ પેટાળમાં પાણીના ભંડાર ભરપૂર બની રહે તેવી અપેક્ષા વરસાદ પાસે રખાઈ રહી છે. ગરીબ ખેડુતવર્ગ કે જે ફકત ચોમાસા ખેતી ઉપર મીટ માંડીને બેઠો છે તે સારા વરસાદે શ્રેષ્ઠ વળતરની અપેક્ષા રાખે છે. નિંદામણ, ખેડ તથા અન્ય કામગીરીથી પરવારીને ખેડુત વર્ગ પહેલા વરસાદ પછી ખેતરમાં અન્ય કામગીરીમાં જોતરાઈ જશે ત્યારે અનાજ ઉત્પાદનોની શ્રેષ્ઠ ઉપજથી પરિશ્રમનું શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરશે. આમ ચોમાસાની ખેતી માટે ખેતરોને સજ્જ કરી દેવાયા છે અને ખેડુતોમાં ખુશી જણાઈ રહી છે.



## શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ઉજવાયો યોગ દિવસ

ગાંધીનગરની સેકટર-૨૫ જીઆઈડીસીમાં હરસિધ્ધ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે સવારે ૭.૩૦ કલાકે યોજાયેલ કાર્યક્રમમાં બાળકોને વિવિધ યોગાસનો તથા પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના કર્મચારીગણે પણ ભાગ લીધો હતો અને સંસ્થાના ટ્રસ્ટી બાબુભાઈ પટેલ, મેનેજીંગ ડિરેકટર ડી.બી. પટેલ તથા કેમ્પસ ડાયરેકટર સી.બી. પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. કાગાવરી રામુભાઈ છોગાજી, ઉ.વ. ૫૨
- સ્વ. દરજી ઘનશ્યામભાઈ કનુભાઈ, ઉ.વ. ૨૧